## ૪. કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો

### પ્રકરણ – ૪

### કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો
### વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગત

૧. મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ અને ૬૫ ખ અન્વયેની બિનખેતીની પરવાનગી મેળવવાની અરજીની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પૂંર્ણ કરવી

૨. મુંબઈ આર્મ્સ એકટ અન્વયે તથા જુદા જુદા અન્ય કાયદાઓને અન્વયે મંજૂર કરેલ પરવાનાની નિયત મુદત પૂર્ણ થતા સદરહું પરવાના રીન્યુ કામગીરી સમયસર પૂર્ણ કરવાની થાય છે.

૩. સરકારશ્રી દ્વારા જાહેર થતી ઝુંબેશને અનુરૂપ કામગીરી તેની સમય મર્યાદામાં પુરી કરવાની હોય છે.

૪. નાની બચત શાખાનું મુખ્ય કાર્ય મહિલા ક્ષેત્રિય પ્રધાન યોજના તથા પબ્લીક પ્રોવિડન્ડ ફંડ યોજનાની એજન્સીઓ આપવા / રીન્યુ કરવા / રદ કરવાની કામગીરી થાય છે.

૫. નાની બચત યોજનાની એજન્સીઓ મેળવવા/ રીન્યુ કરવા માટે નિયત નમુનામાં જરૂરી પુરાવાઓ સાથે અરજીઓ સ્વીકારવામાં આવે છે. સદરહું અરજીઓની મામલતદારશ્રી મારફતે ચકાસણી કરી નિર્ણય માટે નાયબ કલેકટરશ્રી–૧, કલેકટર કચેરી તાપીને સાદર કરવાની રહે છે. જે નિર્ણય મુજબ મુસદ્દો તૈયાર કરી એજન્ટને ટપાલ દ્વારા એજન્સી અંગેના નિર્ણય સંબંધી નાયબ કલેકટરશ્રી–૧, કલેકટર કચેરી તાપી દ્વારા જાણ કરવામાં આવે છે.

૬. અરજીઓ સંબંધે વિગતવાર નોંધ મુકવામાં આવે છે, ઠરાવ અને નિયમો ટાંકી વિગતે મુકાયેલી નોંધ સહ નીચેની કક્ષાએથી ઉપલી કક્ષા સુધી અભિપ્રાય અપાય છે. મુસદ્દો મંજુર થયેથી અરજદારને જાણ કરવામાં આવે છે.